દાખલ તારીખ : ૨૦.૦૬.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૨૦.૦૬.૨૦૨૬
નિર્ણય તારીખ : ૨૯.૦૬.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૯

==========================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==========================================================

**ફો. પ. અ. નં.૨૬૭/૨૦૨૬**
**આંક–૧૨**

**ફારૂકભાઈ ઉર્ફે ફારૂક મોલાના (એફ.એમ.)**
**ઈસ્માઈલભાઈ નાખવા પટણી,**
ઉ.વ.આ.૬૦, ધંધો : ટ્રાન્સપોર્ટેશન,
રહે. વેરાવળ, સોમનાથ ટોકીઝ વિસ્તાર,
હુસેની ચોકની બાજુમા, વેરાવળ,
તા. વેરાવળ, જી.ગીર–સોમનાથ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એન.સવાણી
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા

---

**:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ દિન–૧૫ ના વચગાળાના જામીન પર મુકત થવા અંગેની અરજી ::**

**:: ચૂકાદો ::**

(૧) આ કામના અરજદાર/આરોપી વેરાવળ સીટી પો.સ્ટે. ગુના રજી.નં. ૧૧૧૮૬૦૦૯૨૬૦૫૨૧/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ–૧૦૩(૧), ૧૦૯(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ) ના ગુના સબબ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ વચગાળાના જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીક્યુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે. મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી સી.એન. કક્કડ હાજર થયેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એન.સવાણીની દલીલ છે કે, અમે હાલની અરજી અરજદારની બીમારીને કારણે માનવતાના ધોરણે કરેલ છે અને માનવતાના ધોરણે દાદ માંગેલ છે જેથી કેસના મેરીટ સંબંધે કોઈ રજુઆત નથી. અરજદારને સને-૨૦૨૫ માં પેરાલીસીસનો એટેક આવેલ છે. કેશોદમાં ડોકટરશ્રીની સારવાર લીધેલી તેમજ અરજદારને ટી.બી. અને ડાયાબીટીશ વગેરેની તકલીફ છે. ડોકટરશ્રી સાંગાણીની સલાહ મુજબ દવા ચાલુ છે. છાતીમાં દુ:ખાવો થાય છે. અમોએ ડોકટરશ્રી સાંગાણીની સલાહ મુજબનો ખોરાક લેવાની જરૂરીયાત છે જેથી ટીફીન બહારથી લાવવા માટે જેલરશ્રીને રજુઆત કરેલ પરંતુ તેણે અમારી વિનંતી નામંજુર કરેલ છે. જેલમાં ડોકટરશ્રીની સલાહ મુજબનુ ખાવાનુ મળતુ નથી. નિયમીત ટ્રીટમેન્ટની જરૂર છે. ફરી વખત બતાવવા જવુ પડે તેમ છે. અમોએ આ સાથે ડોકટરશ્રી સાંગાણીના સારવારના કાગળો રજુ કરેલા છે જેથી સારવાર માટે દિન-૧૫ ના જામીન મંજુર કરવા વિનંતી છે તેમજ આરોપી તરફે નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

- D. P. MOHAPATRA AND SHIVARAJ V. PATIL, JJ.AIR 2002 SUPREME COURT 2435(From: Allahabad) Criminal Appeal No. 1037 of 2001 S.L.P. (Crl.) No. 2265 of 2001). JUDGMENT DATED 11-10-2001.

(૪) ફરિયાદપક્ષ તરફે વિ. પબ્લીક પ્રોસીક્યુટર શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, જેલમાં સારવાર મળી રહે તેમ છે. જેલના નિયમ મુજબ બહારથી ટીફીન લાવવાની મંજુરી આપવામાં આવે છે અને નિયમ ન હોય તો અરજી નામંજુર કરવામાં આવે છે. આરોપી વિરૂધ્ધ અગાઉ ૨૨ ગુના નોંધાયેલા છે જેથી અરજી નામંજુર કરવા વિનંતી છે. ફરિયાદપક્ષે નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે. Sanjaybhai Ishwarbhai Desai vs State Of Gujarat R/CR.MA/5460/2025 JUDGMENT DATED 17.03. 2025

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ, અરજી સાથે માર્ક ૩/૧ થી ૩/૭ સુધીના તથા માર્ક-૧૦ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, આંક-૦૮ થી તપાસ કરનાર

અમલદારશ્રીનો અભિપ્રાય, મુળ ફરિયાદી તરફે આંક–૦૯ થી રજુ થયેલ વાંધા તથા આંક–૧૧ થી જેલરશ્રીનો રીપોર્ટ વંચાણે લેતા એ હકીકત ફલીત થાય છે કે, આરોપી બી.એન.એસ. ની કલમ–૧૦૩(૧), ૧૦૯(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ) ના ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલા છે તેમજ આરોપી વિરૂધ્ધ કુલ–૨૨ ગુના નોંધાયેલા છે.

(૬) આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા મુજબ અરજદારે તા.૦૩.૧૦.૨૦૨૫ તથા તા.૦૪.૧૦.૨૦૨૫ ના રોજ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લીધેલ છે તેમજ માર્ક ૩/૨ થી માર્ક ૩/૭ ના દસ્તાવેજો મુજબ અરજદારની ટ્રીટમેન્ટ ડોકટરશ્રી સાંગાણી ફીજીશ્યન અને કાર્ડીયોલોજીસ્ટ પાસે ચાલુ છે. ડોકટરશ્રી સાંગાણીએ તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજ ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ આપેલ છે પરંતુ આરોપીને તા.૨૧.૦૫.૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યારથી તેઓ પોલીસ કસ્ટડીમાં અને જયુડિશ્યલ કસ્ટડીમાં છે. ડોકટરશ્રી સાંગાણીએ આપેલ સારવાર અંગેના કાગળો માર્ક ૩/૪ થી માર્ક ૩/૭ સુધી રજુ થયેલ છે તે મુજબ અરજદારની તા.૨૭.૦૯.૨૦૨૫ ના રોજ સારવાર આપવામાં આવેલ હોય તેમ જણાતુ નથી. અને ત્યારબાદ તેઓએ હાલના અરજદારને સારવાર આપેલ હોય તેવો કોઇ આધાર પુરાવો રજુ થયેલ નથી. ડોકટરશ્રી રાજેશ સાંગાણીએ તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજનુ અને તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજનુ જે ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ આપેલ છે તે શાના આધારે આપેલ છે અને અરજદારને આ દિવસે તેઓની પાસે સારવાર માટે લાવવામાં આવેલ હોય તો કોના દ્વારા લાવવામાં આવેલા તે અંગે તેઓને ખુલાસો કરવાની તક આપી આગળની કાર્યવાહી કરવી ઉચિત જણાય છે.

(૭) જેલરશ્રી દ્વારા આંક–૧૧ થી જે રીપોર્ટ રજુ થયેલ છે તે મુજબ જેલના તમામ બંદિવાનોને નિયમિત, સમયસર અને આરોગ્યપ્રદ ખોરાક પુરો પાડવામાં આવે છે અને બંદિવાનોના આરોગ્યને લગતી તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે. અત્રેની જેલના મેડીકલ ઓફીસરશ્રી અને દર અઠવાડીયે નિયમિત વિઝીટ લેતા સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર દ્વારા પુરી પાડવામાં આવે છે વધુ સારવારની જરૂરીયાત જણાયે જુનાગઢ સિવિલ હોસ્પિટલ, રાજકોટ સિવિલ હોસ્પિટલ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલ તેમજ યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે સરકારી

ખર્ચે સુપર સ્પેશ્યાલીસ્ટ સુધીની સારવાર ઉપલબ્ધ કરાવવામા આવે છે. તેમજ સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીજી/૫૧/૨૦૦૯/જે એલકે/૧૭૨/૦૦૯/૪૭૪/જ,તા.૦૬/૦૬/૨૦૦૯ મુજબ આરોપી ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલા હોય ટીફીનની સુવિધા મળવાપાત્ર ન હોય અરજદારની વિનંતી નામંજુર કરેલ છે.

(૮) અરજદારને જેલમાં તા.૦૨/૦૬/૨૦૨૬ નાં રોજ ફીજીશ્યનને બતાવવામાં આવેલ અને ફિજિશ્યન દ્વારા જે દવાઓ ચાલુ છે તે રેગ્યુલર ચાલુ રાખવાની સલાહ આપેલ અને ત્યારબાદ ૦૪/૦૬/૨૦૨૬ નાં રોજ તેમને છાતીમાં દુ:ખાવાની તકલીફ થતા તેઓ જેલના દવાખાનામાં બતાવવા માટે આવેલ ત્યારે તેમને ઈ.સી.જી. કરાવવામા આવેલ તથા જરૂરી સારવાર આપવામાં આવેલ ત્યારબાદ આજદિન સુધી તેઓ કોઈપણ તકલીફ માટે જેલ દવાખાના ખાતે બતાવવા માટે આવેલ નથી. જેલ દવાખાના ખાતે આવતા ફીજીશ્યન દ્વારા વધુ સારવાર માટે રીફર કરવાની સલાહ આપેલ નથી. જીલ્લા જેલ જુનાગઢ જેલ દવાખાના ખાતે તમામ રોગ માટે પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. જરૂર જણાય તો એક્સપર્ટ ડોક્ટરને બતાવવામાં આવે છે. ઈમરજન્સીમાં વધુ સારવાર માટે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ જુનાગઢ ખાતે મોકલવામાં આવે છે. અત્રેની જેલ ખાતે ફીજીશ્યન, સર્જન, ઓર્થોપેડિક, ઈ.એન.ટી., ઓપ્શલમોલોજીસ્ટ, ડેન્ટલ, માનસિક રોગના ડોક્ટર્સ અઠવાડીયામાં એક વાર વિજીટીંગ માટે આવે છે. જરૂર જણાય તેમને વધુ સારવાર માટે રીફર કરવામાં આવે છે. ઉપરોક્ત કેદીને ફીજીશ્યન ડોક્ટર દ્વારા કાઈ પણ સ્પેશ્યલ ખોરાકની એડવાઈઝ કરવામાં આવેલ નથી. અત્રેની જેલ ખાતે સરકારશ્રી ના સ્કેલ મુજબ મજકૂરને પોષ્ટિક આહાર આપવામાં આવે છે.

(૯) આમ, સમગ્ર રીતે જોતા આરોપીને જયુડિશ્યલ કસ્ટડીમાં કોઈ ગંભીર બીમારી હોય તેમ જણાતુ નથી તેમજ તેઓએ અગાઉ જે તે દર્દીને સર્ટીફિકેટની તારીખે કે તેના એકાદ–બે દિવસ પહેલા શારીરિક તપાસણી કર્યા સ્વિાય આપેલ હોય તેમ જણાતુ હોય અને ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ આરોપીને જેલ મુકત કરાવવા ખોટા દસ્તાવેજ ઉભો કરી આરોપીને મદદરૂપ થવા પ્રયત્ન કરેલ હોય તેમ જણાતુ હોય તેઓ વિરૂધ્ધ ફોજદારી રાહે કાર્યવાહી શરૂ કરતા પહેલા તેમજ તેઓની ડોકટરશ્રી તરીકેની ગેરવર્તણુક સંબંધે મેડીકલ કાઉન્સીલનો રીપોર્ટ

કરતા પહેલા સાંભળવાની તક આપવી ન્યાયના હિતમાં જરૂરી હોય ડો.રાજેશ સાંગાણીને નોટીસ ઇસ્યુ કરવી. ડોકટરશ્રી સાંગાણીની સારવાર લેવાની જરૂરીયાત હોય તેમ જણાય આવતુ નથી

(૧૦) અરજદારને તા.૦૪.૦૬.૨૦૨૬ બાદ જેલમાં ડોકટરશ્રીને બતાવવામાં આવેલ નથી. ડોકટરશ્રી સાંગાણીના જે સર્ટીફિકેટો રજુ કરેલા છે જે આધારહીન જણાય છે જેથી અરજદારની અરજીમાં તથ્ય હોય તેમ જણાતુ ન હોય અરજદારની અરજી મંજુર કરવાપાત્ર જણાતુ ન હોય તેમજ આરોપી જયુડિશ્યલ કસ્ટડીમાં હોય તે દરમ્યાન ડોકટરશ્રી સાંગાણીએ જે સર્ટીફિકેટો આપેલ છે. તેઓ વિરૂધ્ધ કાર્યવાહી શા માટે ન કરવી તેનો ખુલાસો કરવા તક આપવી ન્યાયોચિત જણાતુ હોય તેઓને તક આપી આગળની કાર્યવાહી કરવી.

(૧૧)**ફરિયાદી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો Sanjaybhai Ishwarbhai Desai vs State Of Gujarat R/CR.MA**/5460/2025 **JUDGMENT DATED** 17.03. 2025 નો રજુ થયેલ છે જે કેસની હકીકત મુજબ આરોપીએ કોઇ રોલ ભજવેલ ન હતો અને તેને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. બે વિભાગમાં ગુનો બનેલ અને એલીબી નો ડિફેન્સ લેવામાં આવેલો પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ માનવામાં આવેલો અને આરોપીની સંડોવણી પણ માનેલ ત્યારે નામદાર હાઇકોર્ટ દ્વારા સીઆરપીસીની કલમ-૪૩૮ અને બીએનએસએસની કલમ-૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી મંજુર કરવા જણાયેલ નહી. ઉપરોકત ચુકાદો આગોતરા જામીન અરજી મંજુર કરવા સંબંધેનો છે. હાલની અરજી વચગાળાના જામીન સંબંધેનો છે જેથી આ ચૂકાદો ફરિયાદીને મદદરૂપ થતો નથી.

(૧૨)**આરોપી તરફે સુપ્રિમકોર્ટનો D. P. MOHAPATRA AND SHIVARAJ V. PATIL, JJ.AIR** 2002 **SUPREME COURT** 2435(**From: Allahabad**) **Criminal Appeal No**. 1037 **of** 2001 **S.L.P.** (**Crl.**) **No**. 2265 **of** 2001). **JUDGMENT DATED** 11-10-**2001.** આ જે ચૂકાદો રજુ થયેલ છે તેવી હકીકત જોતા અરજદારને કિડનીની બીમારી સંબંધે સારવાર માટે વચગાળાના જામીન મંજુર કરવાનુ નામદાર સુપ્રિમકોર્ટે યોગ્ય માનેલ. હાલના કેસમાં અરજદારને ગંભીર પ્રકારની બીમાર

હોય અને જેલમાં સારવાર મળી રહે તેમ ન હોય તેવી કોઈ હકીકત જણાતી ન હોય ઉપરોકત ચૂકાદો અરજદાર/આરોપીને મદદરૂપ થતો નથી. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવા યોગ્ય જણાતુ ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની વચગાળાની જામીન અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) ડોકટરશ્રી રાજેશ સાંગાણીએ પોતાનો લેખિત તેમજ મૌખિક ખુલાસો રજુ કરવા તા.૦૪.૦૭.૨૦૨૬ ના રોજ હાજર રહેવા નોટીસ કરવી.

(૩) હુકમની જાણ કરતી યાદી સંબંધિત જેલ ઓથોરીટીને કરવી.

આજરોજ આ હુકમ તા.૨૯, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬